Y-128-(16)




NATIONAL ACHIEVEMENT SURVEY-Class VIII (Cycle 4)

# ભાષા

| | |
|---|---|
| કસોટી પત્રક કોડ : 1 1 | માધ્યમ કોડ : 0 4 |

વિદ્યાર્થીનું નામ : ______________________

શાળાનું નામ : ______________________

રાજ્યનું નામ : ______________________

જિલ્લાનું નામ : ______________________

**માત્ર ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર માટે**

| | | | |
|---|---|---|---|
| 1 8 | | | |
| રાજ્ય કોડ | જિલ્લા કોડ | શાળા કોડ | વર્ગ કોડ |
| | વિસ્તાર કોડ<br>૧. ગ્રામ્ય ૨. શહેરી | વિદ્યાર્થી કોડ | વિદ્યાર્થી જાતિ<br>૧. કુમાર ૨. કન્યા |


राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्

NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING

**Educational Survey Division**

Sri Aurobindo Marg, New Delhi 110 016

विद्यया ऽमृतमश्नुते

एन सी ई आर टी
NCERT

**2015-16**

GCERT

## ભાષા

## વિદ્યાર્થીઓ માટેની સૂચનાઓ

નીચે આપેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.

(1) ખંડ નિરીક્ષકની સૂચના અનુસાર તમારું નામ, તારીખ, રાજય કોડ, જિલ્લા કોડ, શાળા કોડ, વિદ્યાર્થી કોડ, માધ્યમ કોડ, પ્રશ્નપત્રનો કોડ, લિંગ, જાતિ, શાળા સંચાલનનો પ્રકાર વગેરે વિગતો OMR Sheet (ઉત્તરવહી)માં લખો.

(2) આ કસોટીમાં કુલ 50 પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયત્ન કરો.

(3) આ પ્રશ્નપત્રના જવાબો લખવા માટે તમને 120 મિનિટનો સમય આપવામાં આવશે.

(4) તમારે તમારો ઉત્તર OMR Sheet (ઉત્તરવહી)માં દર્શાવવાનો રહેશે.

(5) દરેક પ્રશ્નના ઉત્તર માટે '1', '2', '3' અને '4' એમ ચાર વિકલ્પો આપેલા છે. તે પૈકી કોઈ એક જ વિકલ્પ ખરો છે.

(6) આપેલ ચાર વિકલ્પ પૈકી તમે જે વિકલ્પને સાચો ઉત્તર માનતા હો તેને દર્શાવવા OMR Sheet (ઉત્તરવહી)માં ત વિકલ્પના ક્રમ વાળા વર્તુળને ઘુંટીને ઘાટું કરવાનું છે.

(7) O M R sheet (ઉત્તરવહી)ના વર્તુળને ઘાટું કરવા ભૂરી કે કાળી બોલપેનનો ઉપયોગ કરો.

(8) નીચે દર્શાવેલ ઉદાહરણ પ્રમાણે પ્રશ્નનો ઉત્તર કાળજીપૂર્વક આપવાનો છે.

ઉદાહરણઃ

1. નાનકડો વેદાંત ધીમે ધીમે દોડે છે. – આ વાક્યમાં વિશેષણ દર્શાવતું પદ ક્યું છે?

   1. વેદાંત
   2. ધીમે ધીમે
   3. નાનકડો
   4. દોડે છે.

ઉપર દર્શાવેલ ઉદાહરણમાં વિકલ્પ ' 3 ' એ સાચો ઉત્તર છે. તેથી OMR Sheet માં પ્રશ્ન 1 સામેના 3 ક્રમવાળા વર્તુળ ઉપર નીચે દર્શાવ્યા મુજબ બોલપેન વડે ઘાટું કરવાનું છે.

1. (1) (2) ● (4)

(9) OMR Sheet (ઉત્તરવહી)માં ઉત્તરના ક્રમ ઉપર એક વખત ઘટ્ટ કર્યા પછી, તે બદલી શકાશે નહિં.

(10) તમે ગણતરી /રફકાર્ય આ પ્રશ્નપત્રમાં જ કોરી જગ્યામાં કરી શકશો.

(11) તમને હજુ કોઈ બાબતે મુંઝવણ હોય તો ખંડ નિરીક્ષકશ્રીને પૂછી સાચી સમજ મેળવી લો.

1. આજે ______ પરીક્ષા છે. આવતીકાલે લેખિત પરીક્ષા થશે.

1. મૌખિક

2. સાપ્તાહિક

3. વાર્ષિક

4. સત્રાંત

2. આપણને આપણી સભ્યતા ________ સંસ્કૃતિ ઉપર ગર્વ છે.

1. એટલે કે

2. અથવા

3. અને

4. અર્થાત

3. બિરબલ તેની ______ ભલભલા કોયડા ઉકેલતો.

1. ચતુરાઈથી

2. કપટતાથી

3. કરામતથી

4. ચપળતાથી

4. 'જીવ અડધો થઈ જવો.' - રૂઢિપ્રયોગનો અર્થ શો છે?

1. ચમકી જવું.

2. ચિંતાથી વિહવળ થઈ જવું.

3. ચિંતા ઓછી થવી.

4. મરણપથારીએ પડવું.

5. નહીંના અર્થમાં પૂર્વગ 'અ' થી બનેલો શબ્દ કયો છે ?

1. અજબ

2. અત્યંત

3. અભિમાન

4. અભય

6. મધમાખીને છ પગ હોય છે. વિશેષણનો પ્રકાર જણાવો

1. પ્રમાણવાચક વિશેષણ
2. સંખ્યાવાચક વિશેષણ
3. ગુણવાચક વિશેષણ
4. ક્રમવાચક વિશેષણ

7. નીચેના પૈકી યોગ્ય ક્રમમાં ગોઠવાયેલા પદવાળું વાક્ય કયું છે ?

1. સાવધ પગલે રહીને પગલે પ્રેમાળતા પ્રગટાવ્યે જા.
2. પગલે સાવધ રહીને પગલે પ્રેમાળતા પ્રગટાવ્યે જા.
3. પગલે પગલે સાવધ રહીને પ્રેમાળતા પ્રગટાવ્યે જા.
4. પ્રેમાળતા પ્રગટાવ્યે જા સાવધ રહીને પગલે પગલે

8. વાક્યની રચનાના મુખ્ય બે ઘટકો કયા કયા છે ?

1. સંજ્ઞાપદ અને આખ્યાત
2. નામપદ અને ક્રિયાપદ
3. નામપદ અને ઘટના
4. પદાર્થ અને સ્થિતિ

9. નીચેનામાંથી કહેવત શોધો.

1. ઓડનું ચોડ થવું.
2. દાતણ વેચે દળદર ન જાય.
3. બ્રહ્માંડ ચાક ચઢાવવું.
4. મનમાં ગાંઠ વાળવી.

10. નીચેનામાંથી રૂઢિપ્રયોગ શોધો.

1. પારકી આશા સદા નિરાશ
2. માગ્યા કરતાં મરવું ભલું.
3. વાટકીનું શિરામણ હોવું.
4. વાડ વગર વેલો ન ચડે.

11. દર વર્ષે પહેલાં નંબરે પાસ થતો રમેશ એસ. એસ. સી. માં માંડ માંડ પાસ થયો. - આ વિધાનને સંબંધિત કહેવત કઇ છે ?

1. દશેરાએ ઘોડું ન દોડવું.

2. દાનત તેવી બરકત

3. પારકી આશ સદા નિરાશ

4. નસીબ ચાર ડગલાં પાછળ

12. નીચેના વાક્યમાંથી ભૂતકાળ દર્શાવતું વાક્ય કયું છે ?

1. હું પરીક્ષામાં પહેલો નંબર લાવીશ.

2. બચુડાના મામા મામલતદાર હતા.

3. અત્યારે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

4. તું આવે ત્યારે મારાં પુસ્તકો લાવજે.

13. 'વાતોનાં વડા કરવાં' - રૂઢિપ્રયોગનો અર્થ શો છે ?

1. પ્રેમસભર વાતો કરવી.

2. નકામી લાંબી વાતો કરવી.

3. નવરાશના સમયનો ઉપયોગ કરવો.

4. ધારણા કરતા વધુ લાભ થવો.

14. 'કાળા કરમનો કાળો એ, કાળું કરે કામ!' - અલંકાર ઓળખાવો.

1. રૂપક અલંકાર

2. વર્ણાનુપ્રાસ અલંકાર

3. ઉપમા અલંકાર

4. ઉત્પ્રેક્ષા અલંકાર

15. વ્યક્તિની જેટલી આવક હોય તે મુજબ તેણે _______ કરવો જોઇએ.

1. વય

2. વ્યય

3. અપવ્યય

4. અલ્પવ્યય

16. આ પુસ્તક ખૂબ જ ________ છે, એટલે તેને મેળવવું ખૂબ જ અઘરું છે.

1. સુગમ

2. દુર્ગમ

3. દુર્લભ

4. સુલભ

17. તમે મુઝાંશો નહિં, તમને તમારી ક્ષમતા ________ કામ કરાવવામાં આવશે.

1. અનુકૂળ

2. સરળ

3. અનુરૂપ

4. ઓછું

18. પાડું પુત્ર અર્જુનને બાણ વિદ્યા શીખવા માટે આરામ અને સુવિધાઓનો ત્યાગ કરવાનો ..........

1. થાય છે.

2. થશે.

3. થઇ રહ્યો છે.

4. થયો.

19. આજકાલ તો શિક્ષક-તાલીમ માટે દૂરવર્તી શૈક્ષણિક કાર્યક્રમ પ્રસારિત _____.

1. થશે.

2. થયો.

3. થાય છે.

4. થતો હતો.

20. ગાંધીજી માનતા હતા કે જે લોકો જાત મહેનત ________ તેમણે પોતાના કામને નાનું ન માનવું જોઇએ.

1. કરે છે.

2. કરતા હતા.

3. કરતા નથી.

4. કરશે.

નીચે આપેલા સંવાદને વાંચી પ્રશ્ન નંબર 21 થી 26 ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

વિવેક: આ રજાઓમાં તું શું શિખવાનું આયોજન કરી રહ્યો છે - તરણ કે સંગીત ?

આનંદ: હું પર્વતારોહણ શીખવાની યોજના બનાવી રહ્યો છું.

વિવેક: પર્વતારોહણ તો ઘણું કઠણ કામ છે, ખરું ને!

આનંદ: હા છે, પરંતુ એમાં સાહસની અનુભૂતિ છે.

વિવેક: પર્વતારોહણામાં કંઇ મજા આવે તો તે બાબતમાં મને અચરજ થાય છે.

આનંદ: હા, એનામાં ઘણી મજા આવે છે. ગયા અઠવાડિયે જ અમે આરોહણ માટે ગયા હતા. અમે પહાડ પર ચઢવાને બદલે ખડકો પર ચઢવાનો નિર્ણય કરેલો. જે ખાસ ખડક ઉપર અમે ચઢ્યા તે એક નદીની પાસે હતો અને એ એટલો સીધો હતો કે દોરડાઓ વગર ચાલ્યું નહીં. અરવિંદે દોરડાં બાંધ્યાં અને ચઢાણ શરૂ કર્યું. એ ચાલીસ પચાસ ફૂટ ઉપર ગયો હશે જ્યારે અમે એક મોટી ચીસ સાંભળી. અમે ડરી ગયા હતા કે અરવિંદે પોતાનું સંતુલન ગુમાવ્યું હશે અને નીચે પડી ગયો હશે.

વિવેક: હે ભગવાન! આ બાબતે તમને બધાને ખૂબ ડરાવ્યા હશે?

આનંદ: હા! પરંતુ સદનસીબે બધું જ બરાબર હતું. અરવિંદ શિખર સુધી ચઢવા માટે કૃતનિશ્ચયી હતો.

વિવેક: આ ખરેખર તેની બહાદુરી હતી! પણ તેણે ચીસ શા માટે પાડી હતી?

આનંદ: અરે! થયું એમ હતું કે, અચાનક જ એક વાંદરો તેની સામે દેખાયો હતો. તેથી તેણે ચીસ પાડી પરંતુ દોરડા ઉપરની તેની પકડ ઢીલી ન કરી.

વિવેક: વારુ, તેણે વાંદરાથી છુટકારો કેવી રીતે મેળવ્યો?

આનંદ: એ તો સૌથી રમૂજી વાત છે. વાંદરાએ દોરડું પકડયું અને ચઢવાનું શરૂ કર્યું. હકીકતમાં ટોચ ઉપર પહોંચવામાં એ સૌથી પ્રથમ હતો.

21. રજાઓમાં આનંદ શું શીખવા માગતો હતો?

1. તરણ

2. પર્વતારોહણ

3. સંગીત

4. ખડક ચઢાણ

22. આનંદના મતે પર્વતારોહણમાં શાનો અનુભવ થાય છે ?

1. મજા અને જોખમ

2. જોખમ અને ઉત્તેજના

3. મજા અને સાહસ

4. સાહસ અને જોખમ

23. ગયા અઠવાડિયે આનંદે અને અરવિંદે શું કર્યું?

1. નદીમાં તર્યા

2. ખડક પર ચઢયા

3. પહાડ પર ચઢયા

4. વાંદરાનો પીછો કર્યો

24. આનંદે અને અરવિંદે ચઢવા માટે દોરડાનો ઉપયોગ કર્યો કારણ કે....

1. તેમને બીક લાગતી હતી.

2. ખડક એકદમ સીધો હતો

3. ખડક પર એક વાંદરો હતો

4. તેઓ મજા લેવા માગતા હતા

25. આ સંવાદમાં અરવિંદનો કયો ગુણ ઊભરી આવે છે?

1. ચતુરાઈ

2. બેદરકારી

3. દૃઢ નિશ્ચય

4. જિદ્દીપણું

26. સર્વશ્રેષ્ઠ પર્વતારોહી કોણ સાબિત થયું?

1. વાંદરો

2. અરવિંદ

3. વિવેક

4. આનંદ

નીચેનો ફકરો વાંચી પ્રશ્ન નંબર ૨૭ થી ૩૨ ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

દાદાજીને પોતાનું પેન્શન લેવા દહેરાદૂનથી સહારપુર જવું પડતું. તેમણે ટોટોને સાથે લઈ જવાનું નક્કી કર્યું. ટોટો માટે એક મોટો કાળો કેનવાસનો સામગ્રી ભરવાનો થેલો લાવવામાં આવ્યો. જેમાં નીચે તળિયે થોડું ઘાસ રાખ્યું હતું, તે તેનું નવું ઘર બન્યું. થેલો બંધ કરતાં બહાર નીકળવાનો કોઈ રસ્તો ન હતો. ટોટો તેના હાથ બહાર કાઢી શકતો નહોતો અને કેનવાસ એટલું બધું મજબૂત હતું કે ટોટો તેને કરડીને પણ નીકળી શકતો નહોતો. થેલીમાંથી બહાર નીકળવાના એના પ્રયત્નોનું પરિણામ એ આવ્યું કે ક્યારેક થેલો જમીન પર ઘસડાતો અથવા તો ક્યારેક હવામાં ઊછળતો. આ પ્રદર્શન જોવા માટે દહેરાદૂન રેલવે પ્લેટફોર્મ ઉપર જિજ્ઞાસુ લોકોનું ટોળું જમા થયું.

સહારપુર સુધી તો ટોટો થેલામાં જ રહ્યો. પરંતુ જ્યારે દાદાજી રેલવે સ્ટેશનના દરવાજે પોતાની ટિકિટ બતાવી રહ્યા હતા ત્યાં જ અચાનક ટોટોએ પોતાનું માથું થેલાની બહાર કાઢયું અને ટિકિટ કલેકટર સામે દાંતિયાં કર્યાં.

તે બિચારો ચમકી ગયો પરંતુ તરત જ સમયસૂચકતા દાખવીને અને ખાસ તો દાદાજી સામે ચિઢાઈને તેણે કહ્યું, "મહાશય આપની સાથે કૂતરો છે. નિયમ અનુસાર આપે તેનું ભાડું આપવું પડશે."

દાદાજીએ ટોટોને થેલામાંથી બહાર કાઢયો અને વાંદરો એ કૂતરા કે અન્ય કોઈ પણ ચોપગા પ્રાણીમાં ન ગણાય તેવું સાબિત કરવા નિરર્થક પ્રયત્ન કર્યો. ટિકિટ કલેકટર દ્વારા ટોટોને કૂતરાની શ્રેણીમાં મૂકવામાં આવ્યો તેના ભાડા પેટે અપાયેલી રકમ ત્રણ રૂપિયા હતી.

પછી દાદાજીએ પોતાના ખિસ્સામાંથી એક પાલતુ કાચબો કાઢયો અને કહ્યું, "તમે બધા જ પ્રાણીઓનું ભાડું લઈ રહ્યા છો તો આના માટે શું આપવું પડશે?"

ટિકિટ કેલકટરે કાચબાને ધ્યાનથી જોયો અને પોતાની આંગળી ધીમેથી ભોંકી. તેણે દાદાજી સામે આનંદસભર વિજયી નજરે જોયું અને કહ્યું, "કશું જ ભાડું નહીં, આ કૂતરો નથી."

27. **ટોટો કોણ હતું?**

1. બાળક
2. કૂતરો
3. વાંદરો
4. કાચબો

28. નીચે પૈકી કયું વિધાન સાચું નથી?

1. દાદાજી દહેરાદૂનમાં રહેતા હતા.

2. દાદાજી પોતાનું પેન્શન લેવા જઈ રહ્યા હતા.

3. દાદાજી એકલા મુસાફરી કરતા હતા.

4. દાદાજી રેલવેમાં મુસાફરી કરતા હતા.

29. દાદાજી ટોટોને શામાં લઈને ગયા હતા?

1. પોતાના ખિસ્સામાં

2. ઘાસફૂસના બંડલમાં

3. મોટા થેલામાં

4. નાની થેલીમાં

30. પ્લેટફોર્મ ઉપર જોવાવાળાઓનું ધ્યાન કોણે આકર્ષિત કર્યું ?

1. એક પ્રસંડને

2. હવામાં ઊછળકૂદ કરતાં ટોટોએ

3. થેલામાંથી ડોકિયું કરતા ટોટોએ

4. આવી રહેલી ગાડીએ

31. દાદાજીને ટોટોનું ભાડું ચૂકવવું પડયું કારણ કે.....

1. ટોટો ચોપગું પ્રાણી હતો.

2. બધાં જ પ્રાણીઓ માટે શુલ્ક હતું.

3. તેમણે ટોટોની ટિકિટ લીધી ન હતી.

4. ટોટોને કૂતરોની શ્રેણીમાં વર્ગીકૃત કરાયો હતો.

32. આ ઘટનામાં સૌથી પહેલાં શું બન્યું?

1. દાદાજીએ ટોટોનું ભાડું ચૂકવ્યું

2. દાદાજીએ પોતાનો કાચબો બહાર કાઢયો

3. ટોટોએ ટિકિટ કલેકટર સામે વાંદરવેડા કર્યા

૪. ટોટોએ થેલાની બહાર માથું કાઢ્યું

નીચેનો ફકરો વાંચી પ્રશ્ન નંબર ૩૩ થી ૩૭ ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

રોબિન્સન ક્રૂસોને બાળપણથી જ સમુદ્ર તરફ ખૂબ આકર્ષક હતું અને તેઓ ખલાસી બનવા માંગતા હતા. તેઓ મુસાફરી કરવા માંગતા હતા. જુદા-જુદા લોકોને મળવા માંગતા હતા અને તેમના જીવન વિશે જાણવા માંગતા હતા. તેમના પિતાજી તેમના આ વિચાર સાથે સંમત નહોતા અને તેમણે કહ્યું, "જો બેટા, ખલાસી બનવાનું સપનું જોવાનું છોડી દે અને એક ગૌરવવંતા ભવિષ્યનું લક્ષ્ય રાખ. હું ઈચ્છું છું કે તું એક વકીલ બન અને એક સભ્ય જિંદગી જીવી લે."

એની માતા આ વાત સાથે સંમત હતાં. તેણીએ કહ્યું, "મારા દીકરા, એક ખલાસીનું જીવન અત્યંત કઠિન હોય છે. કેટલીકવાર તો લોકો સમુદ્રમાંથી પાછા જ આવતા નથી. તું તો અત્યારે માત્ર ૧૫ વર્ષનો જ છે. તારા વહાણમાં ખામી આવી શકે છે. તોફાનોનો સામનો કરવો પડી શકે છે. ઘણા દિવસો સુધી ખોરાક અથવા પાણી વગર રહેવું પણ પડે અને તું ડૂબી પણ શકે છે. આ કોઈ સરળ જિંદગી નથી. આ બધું ભૂલી જા અને તારા પિતાજી કહે છે તેમ કર."

જ્યારે રોબિન્સનને લાગ્યું કે, તેના માતાપિતા તેને ખલાસી બનવાની રજા નહિ આપે, ત્યારે તેણે ઘરેથી ભાગી જવાનો નિર્ણય કર્યો. તેથી જ્યારે ૧૮ વર્ષના થયા ત્યારે એક દિવસ વિશાળ સમુદ્રની યાત્રા કરવાની ઈચ્છા  કે જે તેમને ખૂબ પ્રિય હતું તે કરવા માટે ચૂપચાપ ઘર છોડી દીધું.

એક નાવિક તરીકે રોબિન્સને ઘણા દેશોની મુલાકાત લીધી અને ઘણી નવી વસ્તુઓ જોઈ. એક પ્રવાસ વખતે તેનું વહાણ તૂટી ગયું. તે તરીને એક ટાપુ પર પહોંચ્યા. ત્યાં એક કૂતરો અને બે બિલાડીઓની સાથે ઘણા વર્ષો સુધી રહ્યા. આ ટાપુ પર રહેતા હતા ત્યારે તેઓ એક માણસને મળ્યા જેનું નામ 'ફ્રાઈડે' રાખ્યું. ફ્રાઈડેની મદદથી એ ટાપુ પર ૨૦ વર્ષથી વધારે સમય વિતાવ્યો. ત્યાંથી પસાર થતા એક વહાણે તેમને બચાવ્યા ત્યારે રોબિન્સન ઇંગ્લેન્ડ પાછા આવી શક્યા હતા.

33. **રોબિન્સનના માતાપિતા ઈચ્છતાં હતાં કે તે ....**

1. ગૌરવવંતુ જીવન જીવે
2. ખલાસી બને
3. બીજા દેશોની યાત્રા કરે
4. સરળ જીવન જીવે

34. **જ્યારે રોવિન્સનની માતાએ કહ્યું, "આના વિશે ભૂલી જા....." તેણી તેને કઈ બાબત વિશે વિચારવાથી રોકવા માંગતી હતી?**

1. સરળ જીવન જીવવાથી
2. નવી વસ્તુઓ શીખવાથી
3. વકીલ બનવાથી
4. ખલાસી બનવાથી

35. આ ફકરા પ્રમાણે રોબિન્સને આ યાત્રા દરમ્યાન.....

1. ઘણા મિત્રો બનાવ્યા.

2. આરામદાયક અને સરળ જીવન જીવ્યા.

3. નવી જગ્યાઓ અને વસ્તુઓ જોઈ.

4. ઘણા ખલાસીઓને મળ્યાં.

36. રોબિન્સન એક ટાપુ પર ઘણા વર્ષો સુધી રહ્યા કારણ કે.....

1. તેમનું વહાણ ભાંગી ગયું હતું.

2. તેમને ફ્રાઈડના રૂપમાં એક સાથીદાર મળ્યો હતો.

3. તેમની પાસે એક કૂતરો અને બે બિલાડીઓ હતી.

4. તેને સમુદ્ર ગમતો હતો.

37. નીચેનામાંથી ક્યો શબ્દ રોબિન્સન વિશે વર્ણન કરવા માટે યોગ્ય નથી ?

1. મૂર્ખ

2. સ્વપ્નોમાં રહેનાર

3. સાહસિક

4. આજ્ઞા ન માનનાર

નીચે આપેલા ટેબલનો અભ્યાસ કરી પ્રશ્ન નંબર ૩૮થી ૪૧ ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| વ્યક્તિગત વિશેષતાઓ | શ્રી સુધાકર ઘોષ | શ્રી ટી. કે માધવન | શ્રીમતી વીણા કોહલી | કુમારી યાસ્મીન હબીબ |
|---|---|---|---|---|
| આંખો | તેજ બદામી આંખો | નાની કાળી આંખો | કાળી આંખો | મોટી કાળી આંખો |
| નાક | સામાન્ય અણીદાર | નાનું અને અણીદાર | મોટું અને પહોળું | મોટું પણ અણીદાર |
| મોં / હોઠ | નાનું મોં / પાતળા હોઠ | મોટું મોઢું / જાડા હોઠ | પહોળું મોઢું / જાડા હોઠ | પહોળું મોઢુ / પાતળા હોઠ |
| વાળ | ભૂખરા અને સીધા | ટૂંકા અને વાંકડિયા | ખભા સુધી વાંકડિયા વાળ | લાંબા અને કાળા |
| વ્યક્તિની પ્રકૃતિ | ગંભીત પ્રકૃતિ | બુદ્ધિશાળી | દયાળુ અને મૈત્રીપૂર્ણ | હસમુખ અને આંનદદાયી |
| શોખ | પુસ્તકો અને સામાયિકોનું વાંચન | મુસાફરી | રસોઈ બનાવવી અને મહેમાનોનું મનોરંજન કરવું | સંગતી અને ભરતકામ |

38. નીચેનામાંથી ક્યા વ્યક્તિની આંખો કાળી છે અને તેને મુસાફરીનો શોખ છે ?

1. શ્રીમતી વીણા કોહલી

2. શ્રી સુધાકર ઘોષ

3. શ્રી ટી. કે. માધવન

4. કુમારી યાસ્મીન હબીબ

39. નીચેનામાંથી કઈ બાબત શ્રી ઘોષ વિશે સાચી છે ?

1. તેને મુસાફરી કરવી અને પુસ્તકો વાંચવાં ગમે છે.

2. તેને તેજ બદામી આંખો છે.

3. તેને ભૂખરા અને વાંકડિયા વાળ છે.

4. તે આનંદી વ્યક્તિ છે.

40. નીચેનામાંથી ક્યું વાક્ય સાચું નથી ?

1. શ્રી ઘોષને અણીદાર નાક છે.

2. શ્રી માધવનને મુસાફરી ગમે છે.

3. શ્રીમતી કોહલીને મહેમાનોનું મનોરંજન કરવું ગમે છે.

4. કુમારી યાસ્મીનને ટૂંકા અને ભૂખરા વાળ છે.

41. 'વાંકડિયા' શબ્દ કોની સાથે જોડાયેલ છે ?

1. આંખો

2. નાક

3. હોંઠ

4. વાળ

નીચેનો ફકરો વાંચી પ્રશ્ન નંબર ૪૨ થી ૪૬ ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

પૃથ્વી એ સૂર્યની પરિક્રમા કરવાવાળા જાણીતા ગ્રહોમાંનો એક છે. પ્રાચીન સમયમાં જે લોકોએ તારાઓનો અભ્યાસ કર્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, કેટલાક અવકાશી પદાર્થો આકાશમાં સ્થિર લાગે છે. જ્યારે કેટલાક આકાશમાં ફરતા હોય તેવું લાગે છે. પાછળથી તેઓએ તેને ગ્રહો અથવા ઘૂમતા પદાર્થો એવું નામ આપ્યું. આધુનિક અવકાશયાત્રીઓએ શોધ્યું છે કે ચાર ગ્રહો ગુરૂ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુન ઝેરી ગેસથી ઘેરાયેલા છે અને તે એટલા બધા ઠંડા છે જે કોઈપણ પ્રાણી જો ત્યાં ઉતરવાનો પ્રયત્ન કરશે તો તરત જ જામી જઈ મૃત્યુ પામશે. બાકીના ચાર ગ્રહોમાંથી શુક્ર આકારમાં પૃથ્વીથી સૌથી સમાન છે. પરંતુ તે એક એવી દુનિયા છે જે

ભેજરહિત છે અને હંમેશા તોફાનોથી ઘેરાયેલી રહે છે. તેના વાતાવરણમાં ઑક્સિજનનો પણ અભાવ છે. ઑક્સિજન હોવાને કારણે તેના નજીકના પાડોશી ગ્રહ પૃથ્વી પર જીવન શક્ય બન્યું છે. ફક્ત મંગળ જ એક એવો ગ્રહ છે કે જેના પર જીવનનો કોઈ સંકેત મળ્યો છે. જેનો મોટાભાગનો વિસ્તાર રણવિસ્તાર છે. પરંતુ ત્યાં કેટલોક હરિયાળો વિસ્તાર પણ છે. જેની સપાટી ઋતુના બદલાવની સાથે બદલાય છે. પરંતુ ત્યાં કેટલાક પ્રકારના વનસ્પતિ જીવનની શક્યતા રહેલી છે. સૂર્યની સૌથી નજીકનો અને સૌથી ગરમ ગ્રહ બુધની સપાટી પરનું તાપમાન એટલું બધું વધારે છે કે તે સીસાને પણ પિગળાવી શકે છે.

42. નીચેનામાંથી ક્યું દર્શાવે છે કે મંગળ ઉપર કોઈપણ પ્રકારનું જીવન છે ?

1. ઋતુઓના પ્રમાણેનો હરિયાળો વિસ્તાર
2. તેનું તાપમાન
3. સતત તોફાનો
4. ઝેરી ગેસનો અભાવ

43. શનિ ઉપર ઉતરવાનો પ્રયત્ન કરનારને કઈ બે વસ્તુઓ મારી નાખશે ?

1. ખૂબ જ ઠંડી અને હિંસક તોફાનો
2. ઑક્સિજનનો અભાવ અને પાણીનો અભાવ
3. વિશાળ રણવિસ્તાર અને ખૂબ જ ઠંડી
4. ખૂબ જ ઠંડી અને ઝેરી ગેસ

44. શુક્ર પર કોઇપણ પ્રકારનું જીવન નથી કારણ કે.....

1. તે ખૂબ ગરમ છે.
2. ત્યાં ઝેરી ગેસ છે.
3. ત્યાં ઑક્સિજન નથી.
4. મોટોભાગ રણવિસ્તાર છે.

45. નીચેનામાંથી ક્યું વાક્ય સાચું નથી?

1. પૃથ્વી અને શુક્રનો આકાર લગભગ સરખો છે.
2. યુરેનસ અને નેપ્ચ્યૂનમાં જીવનનો સંકેત મળ્યો છે.
3. બુધ એ સૂર્યનો સૌથી નજીકનો ગ્રહ છે.
4. ગુરૂ અને શનિ ઝેરી ગેસથી ઘેરાયેલા છે.

46. તારા ગ્રહોથી અલગ છે. કારણ કે .....

1. તેના ઉપર વાતાવરણ છે.

2. તે ચાલતા હોય તેવું લાગતું નથી.

3. તેના ઉપર ઑક્સિજન હોય તેવું લાગે છે.

4. તેના ઉપર હરિયાળો વિસ્તાર હોય તેવું લાગે છે.

નીચેના ફકરો વાંચી પ્રશ્ન નંબર 47 થી 50 ના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ઓગણસમી સદીના પ્રખર વિદ્વાન અને સમાજ-સુધારક હતા. તેમણે ના તો ક્યારેય યુરોપિયન કપડાં પહેર્યા કે ના તો ભાષા કે આચરણમાં પશ્ચિમિનું અનુકરણ કર્યુ. તેના બદલે તેમણે હાથે કાંતેલા સૂતરનું ધોતિયું પહેર્યુ, ખભા ઉપર ચાદર ધારણ કરી અને સાદાં ચપ્પલ પહેર્યાં. તેમણે આ પહેરવેશ બ્રિટિશ શાસનનો વિરોધ કરવાના સાધન તરીકે અપનાવ્યો હતો.

એક દિવસ ઈશ્વરચંદ્ર તેમના સન્માનમાં યોજાયેલા ભોજન સમારંભમાં હાજરી આપવા તેમના રોજિંદા ધોતી, ચાદર અને ચપ્પલ પહેરીને ગયા. દ્વારપાલે તેમને ઓળખ્યા નહિ અને તેમના પહેરવેશ જોઈને તેમને અંદર પ્રવેશવા ન દીધા. થોડા સમયબાદ ઇશ્વરચંદ્ર યુરોપીયન કપડાં પહેરીને સભાખંડમાં પહોંચ્યાં. આ વખતે તેમને ખૂબ જ વિનમ્રતાથી અને આદર સાથે અંદર લઈ જવામાં આવ્યો. ઈશ્વરચંદ્ર પોતાના કોટના ખિસ્સામાં જુદી જુદી ખાવાની વસ્તુઓ નાખતાં - નાખતાં એવું જોર-જોરથી બોલવાનું શરૂ કર્યું કે, "આ ખા, તે ખા" વગેરે. જે લોકો તેમની બાજુમાં ઊભા હતા તેઓને આવું વર્તન જોઇને આંચકો લાગ્યો.

"સાહેબ, આ શું કરી રહ્યા છો." એવું એક વ્યથિત થયેલા મહેમાને પૂછયું.

ઈશ્વરચંદ્રે કહ્યું, "મારા કપડાંને ભોજન કરાવું છું." મારું એ સ્પષ્ટપણે માનવું છે કે મારાં કપડાંને જમવાનું આમંત્રણ મળેલ છે કે નહીં. શું તેમનો ઇરાદો મારું સન્માન કરવાનો હતો. જ્યારે હું ભારતીય પહેરવેશમાં આવ્યો હતો ત્યારે તેમણે મને પ્રવેશ આપવાની ના પાડી દીધી.

યજમાનને તેમની ભૂલ સમજાઈ અને માફી માગી.

47. ઈશ્વરચંદ્રને ભોજન સમારંભમાં પ્રવેશવા દેવામાં આવ્યા નહિ કારણ કે......

1. તેઓ ખૂબ વહેલા આવી ગયા હતા.

2. તેઓ ખૂબ મોડા આવ્યા હતા.

3. તેમણે ભારતીય કપડાં પહેર્યાં હતાં.

4. દ્વારપાળ તેમનું અપમાન કરવા માંગતા હતા.

48. જ્યારે ઈશ્વરચંદ્ર કોટ પહેરીને આવ્યા તો દ્વારપાળે કેવો વ્યવહાર કર્યો ?

1. તે જોરથી હસવા લાગ્યો.

2. તેણે ખૂબ આદર આપ્યો.

3. તેણે તેમની મશ્કરી કરી.

4. તેણે નમ્રતાથી માફી માંગી

49. બીજા મહેમાનોને ઈશ્વરચંદ્રના વર્તનથી શા માટે આઘાત લાગ્યો?

1. તેમણે ધોતિયું અને ચાદર પહેરી હતી.

2. તેમણે ઔપચારિક પોશાક પહેર્યો હતો.

3. તેઓ મહેમાન સાથે તોછડું વર્તન કરતા હતા.

4. તેઓ પોતાના ખિસ્સામાં ખાવાની વસ્તુઓ ભરતા હતા.

50. ઈશ્વરચંદ્રે શા માટે પોતાના કોટના ખિસ્સામાં ખાવાની વસ્તુઓ ભરી દીધી ?

1. તેઓ બધાનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માંગતા હતા.

2. તેઓ યજમાનનું અપમાન કરવા માંગતા હતા.

3. તેઓ બ્રિટિશ શાસન પ્રત્યે વિરોધ વ્યક્ત કરતા હતા.

4. તેઓ ઈચ્છતા હતા કે લોકો વ્યક્તિનો આદર કરે કપડાંનો નહિ.

---